ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date 14th May, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................., ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રસીકરણના પિતા Edward Jennerના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે ડૉ. મેહુલ ગોસાઈના તજજ્ઞ પદે "Importance of Vaccination" વિષય પર ૧૬ મે,૨૦૨૧ને રવિવારનાં રોજ સાંજે ૦૬:30 કલાકે વેબિનારનું આયોજન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૧૭ મે ૧૭૪૯માં જન્મેલા અને "ફાધર ઓફ ઈમ્યુનોલોજી" એટલે કે રોગપ્રતિકારક શક્તિના પિતા તરીકે જગ વિખ્યાત બનેલા મહાન વૈજ્ઞાનિક એટલે એડવર્ડ જેનરનો જન્મ દિવસ. જેમણે બાળકોમાં જોવા મળતો એક જીવલેણ રોગ 'શીતળા'ની જીવલેણ ભયાનકતા સંપૂર્ણપણે નાબુદ કરવાનો શ્રેય તેમના શિરે છે. જે માટે સમગ્ર માનવ જાત તેમનો સદૈય આભારી રહેશે. તેમના દ્વારા વિકસિત શીતળાની રસી એ શીતળા રોગ સામે માનવ જાતની પ્રથમ સફળ રસી હતી જેથી જીવલેણ શીતળા રોગ પર નિયંત્રણ લાવી શકાયું. આ શોધ તબીબી ક્ષેત્રે પ્રચંડ સફળતા હતી અને અસંખ્ય લોકોનો જીવ બચાવ્યો હતો.

આં ઉપરાંત ૧૭ મે એટલે એક બીજો અગત્યનો દિવસ, વર્લ્ડ ટેલીકોમ્યુનીકેશન ડે. ૧૭ મે ૧૮૬૫ માં થયેલ પ્રથમ આંતરરાષ્ટ્રીય ટેલિગ્રાફ સંમેલનના હસ્તાક્ષરને ધ્યાનમાં રાખીને, વિશ્વ ટેલિકમ્યુનિકેશન દિવસની ઉજવણી કરવામાં આવે છે. ટેલીકોમ્યુનીકેશનએ હાલ જીવન જરૂરી સાધન થઇ ચુક્યું છે. ઉપયોગીતાની દ્રષ્ટીએ ટેલીકોમ્યુનીકેશન આવકારદાયક છે પરંતુ એક સિક્કાની બે બાજુ એવી રીતે તે અમુક અંશે નુકશાનકર્તા પણ સાબિત થયું છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ૧૬ મે,૨૦૨૧ને રવિવારનાં રોજ સાંજે ૦૬:30 કલાકે વૈજ્ઞાનિક એડવર્ડ જેનરના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે લાઇવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તજજ્ઞ તરીકે ડૉ. મેહુલ ગોસાઈ **"Importance of Vaccination"** વિષય પર રસીકરણને લગતી માહિતી આપવામાં આવશે. તથા ૧૭ મે, ૨૦૨૧ને સોમવારનાં રોજ વર્લ્ડ ટેલીકોમ્યુનીકેશન ડે ની ઉજવણીના ભાગરૂપે લાઇવ વેબીનારનું આયોજન તા.૧૭-૦૫-૨૦૨૧ ના રોજ સ્નાજે ૬:30 કલાકે કરવામાં આવ્યું છે. આ વેબિનારના તજજ્ઞપદે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોશી દ્વારા ટેલીકોમ્યુનીકેશનની શરૂઆતથી અત્યાર સુધીની સફરની ચર્ચા, તેના વિવિધ ઉપયોગ તથા ભવિષ્યની ટેકનોલોજી વિષે અગત્યની માહિતી પ્રદાન કરશે.

ઉપરોક્ત બંને વેબીનારમાં ભાગ લેવા માટે www.krcscbhavnagar.org / current events પર તા. ૧૬-૦૫-૨૦૨૧ સાંજે ૬ વાગ્યા સુધીમાં પોતાના નામની નોંધણી કરવાની રહેશે.

14/5/21
1:30pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.